C. U. SHAH UNIVERSITY
WADHWANCITY - 363030
www.cushahuniversity.ac.in

# <u>વિધાર્થીઓની વર્તણૂંક અને શિસ્ત પાલન અંગેના નિયમો</u>

- પ્રત્યેક સત્રના પ્રારંભ દિનથી કોલેજમાં બધા જ શૈક્ષણિક વર્ગો, પ્રાયોગીક કાર્ય, આંતરિક પરીક્ષાઓ, આમંત્રિત વ્યાખ્યાનો તેમજ ઈતર પ્રવૃતિમાં હાજરી અનિવાર્ય રહેશે. યુનિર્વસીટી ના નિયમ મુજબ શૈક્ષણિક કાર્યમાં ૪૫ ટકા હાજરી ફરજીયાત છે. વિકલ્પે ઓછી હાજરીના કારણે પરીક્ષાનું ફોર્મ ભરવા દેવામાં આવશે નહી.
- સંસ્થાના વિસ્તારમાં કોઈપણ કાયદા વિરૂધ્ધ કે અવ્યવસ્થાજનક વર્તાવ તેમજ વર્ગમાં કોઈપણ જાતનો વિક્ષેપ તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અધ્યાપકગણનું અપમાન ગેરવર્તણૂંક ગણાશે અને શિક્ષા પાત્ર બનશે.
- કોઈપણ વ્યકિત / સમુહ / પક્ષથી સંસ્થાના નિયમિત સંચાલનમાં દખલ કરે તેવી કોઈપણ પ્રતિબંધક પ્રવૃતિ માં ભાગ લઈ શકશે નહિ.
- વિધાર્થી શૈક્ષણિક સમય દરમ્યાન મોબાઈલ સાથે રાખી શકશે નહિ કે મોબાઈલ નો ઉપયોગ કરી શકશે નહિ આ નિયમ ના ભંગ બદલ શિક્ષાત્મક પગલા/દંડ વસૂલ કરવામાં આવશે.
- સંસ્થા / કર્મચારીગણ / વિધાર્થીગણની મિલકતને નુકશાન/નાશ કરવા સંબંધિત કોઈપણ કૃત્ય માટે નુકશાનની રકમ વિધાર્થીના માતા–પિતા કે વાલી પાસેથી વસુલ કરવામાં આવશે.
- કોલેજ કર્મચારીગણ તરફથી વખતોવખત શૈક્ષણિક કે અન્ય કાર્યને લગતી અપાતીસૂચનાઓ / નોટીસનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- શૈક્ષણિક પ્રવૃતિને નુકશાન પહોંચાડે તેવી અનેસંસ્થાએ સત્તાવાર રીતે માન્ય નકરી હોય તેવી કોઈપણ પ્રવૃતિમાં ભાગ લઈ શકાશે નહી.
- સંસ્થાના પ્રાંગણમાં પાન, ગુટકા, તમાકુ, ધુમ્રપાન કે નશાકારક દ્રવ્યનું સેવન કરી શકાશે નહિ.
- સંસ્થા / હોસ્ટેલમાં રેગીંગ અને તેને અનુરૂપ આવી પ્રવૃતિમાટે ચુસ્ત પ્રતિબંધ છે. તેનું પાલન નહી કરનાર વિધાર્થી નામદાર સુપ્રિમકોર્ટના આદેશ અનુસાર ગુનેગાર ગણાશે અને કાયદા મુજબ સજાને પાત્ર ઠરશે.
- સરનામુ અથવા ટેલીફોન/મોબાઈલ નંબરમાં ફેરફાર અંગે ત્વરીત કોલેજનાં કાર્યાલયને લેખિતમાં જાણ કરવાની રહેશે. (કોલેજ તરફથી જરૂરી સૂચનાઓ માટે કોક કરવામાં આવતા હોવાથી ફોર્મમાં આપવામાં આવેલ નંબરમાંજ કોક આવશે.
- સંસ્થા તરફથી અપાયેલ ઓળખપત્ર હંમેશા સાથે રાખવું, સંસ્થાના કર્મચારીગણ જયારે તપાસવા માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે.
- સંસ્થા / સરકારશ્રી / ફી રેગ્યુલેટરી કમીટી / યુનિર્વસીટીના વખતોવખતના નિયમો બંધનકર્તા રહેશે.

મે ઉપરોકત તમામ નિયમો વાંચ્યા છે. સમજયા છે અને તેનું પાલન કરવા વચનબધ્ધ છું.

વિધાર્થી<u>ની</u> સહી.________________